Ansh - Journal of History
A Peer Reviewed International Refereed Journal
E-ISSN No. 2582-046X
International Journal for Research in Applied History
Website : www.anshjournal.com

# ઐતિહાસિક આગમણી

**Prof. Mukeshbhai N. Joshi**
Anand Arts College. Anand
Email ID :mnjoshi1964@gmail.com

**સારાંશ :**

માનવી માત્ર આવનાર સંજોગો વિષે જાણવા હંમેશા તત્પર હોય છે. એ આપણે સૌ જાણીએ છીએ. દુનિયાનો કોઇ માનવી એવો નથી કે જેને ભવિષ્ય ન જાણવું હોય. ભવિષ્યવાણીને આગમવાણી તરીકે ભારતવર્ષમાં ઓળખવામાં આવે છે. આગમ એટલે આવનાર દિવસો. વાણી એટલે તે અંગેનું કથન એવો સામાન્ય અર્થ થાય. આવનારા દિવસોમાં થનારા પરિવર્તનો તથા ઘટનાઓ વિષેની ભવિષ્યવાણી એટલે આગમવાણી અથવા તો આગમચેતવણી એમ કહી શકાય. ગુજરાત સમાચારના લેખક સંશોધક પ્રવાસી શ્રી ધોળકિયાએ વિશ્વના ભાવિ અંગે કરવામાં આવેલ આગમવાણી અંગે સુંદર સંકલન કર્યું છે. જે આપણે ગુજરાત સમાચારમાં રજુથયેલ છે. તેઓએ દુનિયાનો પ્રવાસ ખેડી આગમવાણી વિષે વિશ્વના રાષ્ટ્રોમાં બનેલી ઘટનાઓ તેમજ થનાર ઘટનાઓ વિષે પુરાવાઓ. સાથે પોતાનું સંશોધન રજુ કર્યું છે.

આગમને ગુજરાતી સાહિત્યકારો અને સર્જકો ભવિષ્યમાં થનારી ઘટનાઓના અંદાજરૂપે કાવ્ય સ્વરૂપે રજૂ કરે છે. જેમાં સામાન્ય રીતે પદ, ભજન, સાખી, આખ્યાન, દુહા, ગાયનના રૂપમાં તે પદ સામાન્ય રીતે ચાર કે વધુ ચરણમાં હોય છે.

બ્રિટનમાં ૨૦મી સદીમાં થઇ ગયેલ કીરો નામના ભવિષ્યવેતાએ કરેલી ભવિષ્યવાણી ને આગાહી સ્વરૂપ માનવામાં આવે છે. તે વિષે લખેલ પુસ્તક “કીરોઝ વર્લ્ડઝ પ્રેડિકશન્સ” ૧૯૨૫ માં પ્રસિદ્ધ કર્યું છે. આ ગ્રંથમાં તેણે ભારત દેશના ભાગલા અને આઝાદી વિશેનું વર્ણન કરેલ છે. કીરો ભારતમાં રહીને યોગસાધના શીખ્યો હતો તે જર્મનીના સરમુખત્યાર શાસનની પણ વાત કરે છે. એવી જ રીતે

જર્મનીનો સરમુખત્યાર હિટલર પણ આગમના આધારે જ ભવિષ્યવેતાઓ પાસે ભવિષ્યવાણી જાણીને આગળ વધતો હતો. ઇ.સ. ૧૯૩૧ માં જ્યારે કોઇ હિટલરને ઓળખતું ન હતું ત્યારે લુઇ વૉલ નામના હંગેરી નિવાસી આગમવેતા નો સંપર્ક થયો. તેણે ભવિષ્યવાણી કરેલી કે આવનારા વર્ષોમાં હિટલર તું જર્મનનો સર્વેસર્વા બનીશ. ત્યારે હિટલરે પ્રસન્ન થઇ વૉલને પોતાની પાસે રાખ્યો અને વિલીયમ ક્રાફ્ટ સાથે સંપર્ક કરાવ્યો. વિલીયમ ક્રાફ્ટ હિટલરનો અંગત ભવિષ્યવેતા હતો. આગળ જતાં હિટલરની ક્રૂરતાએ દુનિયા જીતવાની તમન્ના સેવી પણ તેનું સપનું ધૂળમાં મળી ગયું તે આપણે સૌ જાણીએ છીએ. જો કે તેના

ભવિષ્યવેતાએ આ વાત કરતા ડરતા હતા અને છેલ્લે ૧૯૪૨ માં હિટલરે ક્રાફ્ટને એક પ્રશ્ન કર્યો કે મારા ભવિષ્ય અને જર્મનીના ભવિષ્ય વિશે તમારું શું આગમ છે? ક્રાફ્ટે બુધ્ધિપૂર્વક ગુઢાર્થ સાથે ઉત્તર આપ્યો કે "તમારું ભવિષ્ય સૂર્યના તેજ જેવું, અગન જ્વાળા જેવું, પ્રખર અને અસહ્ય છે. સાથોસાથ મજબૂત બંકર જેટલું સુરક્ષિત છે." આ ગુઢાર્થ એક આગમવાણી હતી. પરંતુ ક્રૂર હિટલર તે સમજી ન શક્યો. આખરે ૨૧મી એપ્રિલ ૧૯૪૫ ના રોજ બર્લિનના એક બંકરમાં હિટલર અને ઇવાએ આત્મહત્યા કરી લીધી.

જો કે આત્માહત્યા કર્યા પહેલા હિટલરે તેના નજીકના સેવકોને આદેશો આપેલો કે તેઓ મારું અને ઇવાબ્રાન (તેની પ્રેમિકા અને પછીથી પત્નિ બનેલ) ના મૃતદેહને પેટ્રોલ છાંટીને સળગાવી દેજો. આ તરફ ક્રાફ્ટે કરેલ આગમ શબ્દો બન્કર, પ્રખર અને અસહ્ય અગન જવાળાઓ કેટલા બધાં સાંકેતિક પૂરાવા પુરા પાડે છે અને તેમ જ બન્યું તે આપણે સૌ જાણીએ છીએ. સ્વિટ્ઝલેન્ડમાં જન્મેલ કાર્લ અર્નેસ્ટાક્રાફટ હિટલરનો આગમવેતા હતો. તેના હાથ નીચે ઘણાં જ્યોતિષકારો તૈયાર થયેલા અને આજે તેની આગમવાણી આપણા સંતસાહિત્યોને મળતી આવે છે.

યુરોપમાં ૧૬મી સદીમાં નોસ્ટ્રાડામસ નામનો આગમવેતા થઇ ગયો. તેણે લગભગ ૧૧૬૦ જેટલી આગમવાણીઓ પ્રસિધ્ધ કરી છે. તેના સમયે યુરોપમાં કટ્ટરતા ચાલી રહી હતી. તેથી નોસ્ટ્રાડામસને ભય હતો કે મારી ભવિષ્યવાણી કદાચ મારા પરિવાર અને મારા માટે ભયજનક નીવડે એટલે તેના પુત્રને પત્ર લખી તેમાં સ્પષ્ટતા કરી કે મેં આ ભવિષ્યવાણીઓ ચોક્કસ સમયે, સ્થળ, સ્થિતિનો નિર્દેશ કરીને કરી છે અને જો તેમ કરવામાં આવે તો ભય છે માટે ગુઢાર્થને સમજીને આ વાતને વિચારી લેવાની રહેશે. આ ગુઢ આગમવાણીને સમજવા માટે નોસ્ટ્રાડામસે તેના પુત્ર અને ફ્રાન્સના રાજાને ઉદેશીને બીજા બે પત્રો લખ્યા હતા. તેમાંથી "કાઉન્ટ ડાઉન ટુ એપોકેલાયટી" આજે સૌથી વધુ પ્રમાણભૂત ગ્રંથ મનાય છે.

નોસ્ટ્રાડામસ ફ્રાન્સનો વતની અને કેથોલિક હોવાથી તેની આગમવાણી મુખ્યત્વે કરીને ફ્રાન્સ, કેથોલિક, ઇટાલીક અને સોન તેમજ પોપને સ્પર્શતી વધુ જોવા મળે છે. આશ્ચર્યની બાબત તો એ છે કે તેની દરેક આગમવાણી ભારતના સંતો અને ગુજરાતના આગમવાણીના મહાપુરુષો સાથે મળતી આવે છે.

ગુજરાતી સાહિત્યમાં આગમ વિષે શ્રી જયમલ પરમાર આગમનો અર્થ કરતાં કહે છે કે, "સાદી સરળ આ ભાષામાં કહીએ તો સંતો, ભકતોએ ભવિષ્યમાં થનાર ઘટનાઓની ભજનવાણીમાં કે પદોમાં રજૂ કરીને જનસમૂહને ચેતવણી આપી તેનું નામ આગમવાણી."

જૈનાગમો આ આગમનો અર્થ શાસ્ત્રમાં થાય છે. આમાં સૃષ્ટિની ઉત્પત્તિ વિષે આગમો લખાયેલ છે. "રવેણી રજૈની' તરીકે ઓળખાય છે. જો કે વિશ્વના દરેક ધર્મશાસ્ત્રોમાં સૃષ્ટિની ઉત્પત્તિ વિષે ઢગલાબંધ લખાયું છે

E-ISSN No. 2 5 8 2 – 0 4 6 X
International Journal for Research in Applied History
Website : www.anshjournal.com

અને તેની રહસ્યમય કથાઓ પણ છે તો સાથોસાથ તેને લગતી આગમવાણીઓ પણ પ્રચલિત છે. તેને "રવેણી" તરીકે ઓળખવામાં આવે છે.

સંત કબીર સાહેબની આગમવાણીને કબીરપંથીઓ "રવેણી રમૈની" તરીકે ઓળખાવે છે. તેમાં પણ સૃષ્ટિની ઉત્પત્તિની કથા જ વર્ણવામાં આવેલ છે.

ઉદા. "અજુની રહેણી કહું વિસતારી રે

સુનો ગુરુ રામાનંદ કથા હમારી રે.

પહેલે પહેલે શબ્દ હુઆ અહં (ૐ)કારા,

ત્યાંથી ઉપન્યા કાંઈ નૂરિજન ન્યારા." - કબીર.

ભાવાર્થ: હે ગુરુ રામાનંદ ! મારી ઉત્પત્તિ કથા સંભળાવું છું. પ્રથમ ૐકાર પ્રગટ થયો. તેમાંથી નિરંજન પ્રગટ થયા. બીજે શબ્દ જમીન, આસમાન પછી ત્રીજે શબ્દ બ્રહ્મા, વિષ્ણુ, મહેશ. ચોથે શબ્દ કન્યાકુંવારી જન્મીને આ સૃષ્ટિની રચના થઇ.

આગમવાણીનું મૂળ તંત્રશાસ્ત્રમાં દર્શાવવામાં આવેલ છે. આગમ એટલે જે આવનાર છે તેને કહેતી વાણી એટલે આગમવાણી. આગમનો એક અર્થ કચ્છમાં વેદ કરવામાં આવેલ છે. વેદ એટલે ઋગ્વદ, સામવેદ, યર્જુવેદ, અથર્વવેદ ના અર્થમાં નથી. આ ચાર વેદ પછી પાંચમો વેદ તેને કહેવામાં આવે છે. સમગ્ર કચ્છમાં મહેશ્વરી સમાજ તે વેદની વાણીની રુચાઓ સાંભળી ધર્મગત્યા બની મહેશપંથ પાળે છે.

આગમવાણીના આર્ષદ્રષ્ટા મેઘવાળ સંત મામૈદેવે અનેક આગમવાણી કહી છે. તે વેદ તરીકે પૂજાય છે. બારમતી સંપ્રદાયમાં આ આગમવાણીનું ખૂબ જ મહત્વ છે. તેને વેદવાણી પણ કહે છે, તો સૌરાષ્ટ્રમાં "ડાડાના વેદ" તરીકે ઓળખવામાં આવે છે. જો કે તેને ગુપ્તવેદ તરીકે પણ ઓળખવામાં આવે છે. પરંતુ આખરે તો તે એક આગમવાણી જ છે.

આગમ વિષે વેદપુરાણ, ઉપનિષદો, મહાકાવ્યો, ભાગવત વગેરેમાં ઉલ્લેખ જોવા મળે છે. હા, આગમવાણીમાં આવનારા કળયુગના લક્ષણોની વિગતો વધુ જાણવા મળે છે. રામાયણ, મહાભારતમાં પણ છે. શ્રીમદ્ દેવી ભાગવતમાં આગમવાણી સ્વરૂપે કળીયુગની સ્થિતિ દર્શાવવામાં આવેલ છે. ગરુડ પુરાણ, વિષ્ણુ પુરાણના ચોવીસમાં અધ્યાયમાં કળીયુગની આગમવાણી આપી છે. ભવિષ્યપુરાણ અને કલ્કિપુરાણ તો કળીયુગને કેન્દ્રમાં રાખી રચાયેલ છે.

આપણા સંત કવિઓએ જુદી જુદી આગમવાણી કરીને માનવમૂલ્યોના જતન કરવા અને ધાર્મિક રહેવા માટે માર્ગદર્શન આપ્યું છે. સંયમી જીવન પરસ્ત્રી પ્રત્યેની આદરણીય ભાવના સંતો, મહાપુરુષો, બ્રાહ્મણો, ગૌ રક્ષા વગેરેની વાતો માર્મિક સ્વરૂપે કરી છે.

'ધર્મ કર્મ ભૂલ જાવાસી,

સબ માનમાની કરેલા. - રામદેવ પીર

કળીયુગના લોકો એટલા સ્વતંત્ર મિજાજના થશે કે હું જે જીવન જીવું છું એ જ ધર્મ છે. મારા મનમાં જેમાં આવશે તેમજ હું જીવીશ એવા કળીયુગના લક્ષણો આગમ સ્વરૂપે રામદેવજી આપે છે.

જોગી ભોગી થાશે,

ભોગી પુરુષ બ્રહ્મચારી. - દાસ ધીરો

અઢારમી સદીમાં જ્ઞાનમાર્ગી કવિ દાસ ધીરો વડોદરા જિલ્લાના સાવલી પાસે આવેલા ગોઠડા ગામના વતની જ્ઞાતિએ બારોટ. પિતાનું નામ પ્રતાપ. માતા દેવબા. કવિએ શાસ્ત્રપુરાણનું જ્ઞાન ભરપૂર મેળવી અનેક કાફીઓ પણ લખેલી છે. એવા કળીયુગના એંધાણ દર્શાવતા કવિ કહે છે કે બહારથી દેખાતા સાધુ-સંતો યોગીઓ બનાવટી જીવન જીવશે અને ભોગવિલાસમાં વ્યસ્ત રહેશે. ભોગી બ્રહ્મચારી કહેવાશે અને પૂજાશે. આવા વેશ કાઢેલા સાધુઓ અનેક સંપ્રદાયો ચલાવશે. આવી કળીયુગની આગમવાણી કરી છે.

'એવા મુંમન, મુંડા ને મશ્કરા રે,

એ તો આવી ભકિતમાં ભળશે." - સહદેવ જોષી

મુંમન એટલે કે અહંકારી, મુંડા એટલે ધર્મવિહિન અને મશ્કરા લોકો જુદા જુદા પંથના ધર્મ સંપ્રદાય ચલાવશે. અમુક પાખંડીઓ વેશ કાઢી લોકોને છેતરશે એવાં કળીયુગના એંધાણ છે.

તો લખમો માળી..... આગમમાં જણાવે છે કે

જૂઠે રાજા જૂઠે પ્રજા જૂઠા બ્રાહ્મણ વાણીયા,

લખમો માળી વિનવે એૈસા કળીયુગ આયેગા.' દેશનો રાજા જુઠ્ઠ ને બોલશે લોકો પણ જુઠ્ઠ બોલશે સત્તાધીશો ખોટા થશે તેની સાથે પ્રજા પણ જેવો રાજા તેવી પ્રજા થશે.

'લક્ષ્મી લુંટાશે લોકો તણી,

નહિ એની રાવ કે ફરિયાદ.' - દેવાયત પંડિત

'રાજા દંડે, ચોર લૂટે વારે ન ચડે કોઇ વહારે રે,

પ્રજાનો કોઇ ધણી ન મળે, ને લૂંટાણો સંસાર રે.' - પીઠો ભગત

'લાજ ને લક્ષ્મી લોકોની લૂટકો નહિ પૂકાર સુને." - સુરદાસ

આ ત્રણેય આગમવાણીકારોએ આગમમાં કળીયુગમાં રાજ્યસતાના ઉથલ-પાથલની માહિતી આપી છે. રાજકીય અંધાધૂધી, અરાજકતાના સંકેતો આપ્યા છે. લાજ અને લક્ષ્મી લૂંટાશે છતાં કોઇ ફરિયાદ સાંભળશે નહિ. વાડ ચીભડાં ગળે ત્યાં ફરિયાદ કોને કરે ? રાજયસત્તા તરફથી કરભારણ વધશે તેથી લોકો લુંટાશે. આવું જ

E-ISSN No. 2 5 8 2 – 0 4 6 X
International Journal for Research in Applied History
Website : www.anshjournal.com

વિષ્ણુપુરાણમાં પણ કહ્યું છે કે લોકોની મોટાભાગની આવક સત્તાધીશોના કરભારણ ભરવામાં જ જશે. ખેડૂતો અને ગરીબો આત્મહત્યા કરશે. આજે તે વર્તમાન સ્થિતિ આપણે જાણીએ છીએ. વર્ષો પૂર્વે જે આગમવાણી થઈ છે તે અત્યારે સત્ય થતી જણાય છે.

આગમવાણીમાં પ્રાકૃતિક પરિવર્તનની પણ વાત કરવામાં આવે છે. આવનારા દિવસોમાં પ્રકૃતિ પોતાની સ્થિતિ બદલશે. કુદરતી તત્વોનું મહત્ત્વ ઘટશે. તેના ગુણધર્મો ઘટશે. તે વિશે

'યદા ક્ષોણી સ્વલ્પઃ ફલા તોયદા સ્તોકવર્ષિણઃ

અસમ્યક ફલિનો વૃક્ષાસ્તદૈવ પ્રબલઃ કલિઃ' - મહાનિર્વાણ મંત્ર

અર્થાત્ જ્યારે પૃથ્વી ફળદ્રુપતાવિહિન બનશે, વાદળો ઘેરાશે પણ વરસશે નહિ, વૃક્ષો ઓછાં ફળ આપશે, આ બધો કળીયુગનો પ્રભાવ છે. દુષ્કાળો પડશે અતિવૃષ્ઠિ થશે તેમ જણાવે છે.

કચ્છના જેસલ જાડેજાએ આગમ ભાંખેલ છે

કંકુ વરણો રે સૂરજ ઊગશે,

તપશે કાંઇ લાખો બાળ રે હાં.

ધરતીનાં દોઇ પડ ધૂજશે,

હોશે કંઇ હલ હલ કાર રે હાં.' - જેસલપીર

સૂર્યનો તાપ વધશે, ધરતીના બાળકો બળી જશે, ધરતીનાં પડ ધૂજશે એટલે કે ભૂકંપ સર્જાશે અને ચારેતરફ હાંહાંકાર મચી જશે. જે સ્થિતિ આપણે અનુભવી, કચ્છનો ભૂકંપઇ.સ.1819,ઇ.સ.1953,ઇ.સ.2001

વિશ્વના અગ્રગણ્ય આગમવાણી કર્તાઓ વિષે નજર કરીએ તો....

**નોસ્ટ્રાદામસ :**

જેના વિષે આપણે આગળ જાણી લીધેલ છે. તે ગુઢવિદ્યાનો જાણકાર હતો. ઇ.સ. ૧૫૦૩ માં તે થઇ ગયો. તેણે આજથી ૪૦૦ વર્ષ પૂર્વે ભારતમાં સ્ત્રી સત્તા પર આવશે તેનું અચાનક અવસાન થશે ત્યારબાદ એક યુવાન સત્તા પર આવશે તેની હિંસા થશે તથા બીજા વિશ્વયુદ્ધની તેણે જાહેરાત કરેલ છે. સાથોસાથ ત્રીજા વિશ્વયુદ્ધની પણ નોંધ કરેલ છે. જેમાં બળવાન નેતા દ્વારા આ યુદ્ધ ૨૭ વર્ષ સુધી ચાલશે. ૨૦ મી સદીમાં સમગ્ર દુનિયા નાસ્તિક થઇ જશે જેવી અનેક આગમવાણીઓ તેમને કરેલ છે.

ગેરાર્ડ :

હોલેન્ડમાં ગેરાર્ડ નામનો પ્રસિદ્ધ ભવિષ્યવેતા થઇ ગયો. તેણે અતિપ્રાચીન દેશ (ભારત) માંથી દિવ્યપ્રકાશ નીકળી રહ્યો છે. આ દેશના લોકો ભકિતપ્રધાન છે. સ્ત્રીઓ પતિવ્રતા હોઇ લોકોમાં પ્રામાણિકતા રહેલી

Ansh - Journal of History
A Peer Reviewed International Refereed Journal
E-ISSN No. 2 5 8 2 – 0 4 6 X
International Journal for Research in Applied History
Website : www.anshjournal.com

છે. ઇ.સ.૨૦૦૦ પછીથી આખી દુનિયા તેની વાત માનશે. વિશ્વને શાંતિ, સુખાકારીનો સંદેશો આ દેશ આપતો હશે તેવી આગમવાણી કરેલ છે. તો

પ્રો. હરાર :

ઇઝરાયલના એક ધર્મનિષ્ઠ યહુદી એ ભારત સંદર્ભે આગમવાણી કરી છે. ભારતવર્ષ કેટલાક વિલક્ષણ શસ્ત્રોનું નિર્માણ કરશે. હિમાલયમાંથી ગુપ્ત ખજાનો મળશે. ભારત સાંસ્કૃતિક જ્ઞાનનો ભંડાર ગણાશે. તેની પાસે લોકો શાંતિ માટે આવશે. ઇઝરાયલ અને ભારતના સંબંધો મૈત્રીપૂર્ણ રહેશે. બંને દેશો વૈજ્ઞાનિકો શોધખોળોમાં આગળ આવશે જેવી ભવિષ્યવાણી કરી છે. ભારત શાંતિ સ્થાપવા આગળ આવશે.

પ્રો. કીરો

વિષે આપણે આગળ જાણી લીધેલ છે. તે ઇંગ્લેન્ડનો આગમવાણીતા જાદુગર ગણાય છે. ભારત વિષે ઉજ્જવળ ભાવિ ભાખેલ છે. ભારત વિશુદ્ધ ધાર્મિક રાષ્ટ્ર બની રહેશે. ભારતમાં જ્ઞાનની ક્રાંતિ સર્જાશે તેવી આગમવાણી કરેલ છે. ભારતમાં કલીયુગ- એટલે બુદ્ધિનો યુગ પ્રવર્તશે હાલ ચાલે છે. ભારતનું યુવાધન આગળ આવશે.

ડૉ. જૂલેવર્ન :

ફ્રાન્સના આગમવાણી પ્રણેતાએ ભારતમાં એક દિવ્ય પુરુષ અવતાર ધારણ કરશે. તે માનવધર્મની સ્થાપના કરશે. ભારત વિશ્વમાં દયા, પ્રેમ, અહિંસાનો સંદેશો આપશે. આવી જ વાત સ્પેનના પ્રો. વેજીલેટિન, હંગેરીના દિવ્યદર્શી મહિલા બોરિસ્કા, ફ્રાન્સના ચાર્લ્સ કલાર્ક વગેરે જણાવે છે.

આ રીતે જોઇએ તો વિશ્વમાં આગમવાણીકર્તાઓએ ભારતવર્ષની ખૂબ જ પ્રશંસાપૂર્વક અને વિવેકપૂર્વક સરાહના કરી છે. ભારત વિશ્વની મહાસત્તા બનશે. ભારતના યુવાનો વિશ્વમાં જશે, વગેરે વાત લખી છે.

ભારત, ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છમાં અનેક આગમવાણી કર્તાઓએ અવતાર ધારણ કરી જનસમાજને માર્ગદર્શન આપેલ છે.

અહીં હું કચ્છના સંતોની આગમવાણીની થોડી વાત કરવા જઇ રહ્યો છું.

રામદેવપીર :- (ઇ.સ. ૧૪૦૫ થી ૧૪૫૯)

રણુજાના રામદેવપીર રાજસ્થાનમાં પોકરણગઢમાં અજમલરાય અને રાણી મીણલદેના અવતારી પુત્ર તરીકે જન્મ લઇ સમાજમાં ભય, અંધશ્રદ્ધા, વહેમ, દુરાચાર દુર કરવા અને નિજારપંથની ઉપાસના કરી ધર્મપરાયણ જીવન જીવવાની પ્રેરણા આપેલ સામાજીક એકતાના પ્રહરી હતાં.

રામદેવજી કચ્છના નારાયણ સરોવરની યાત્રાએ પધારેલ ત્યારે ભુજમાં તેમનું ભવ્ય સ્વાગત થયેલું. તેની સ્મૃતિમાં ભુજમાં વાણીયાવાડ પાસે રામદેવજીનું મંદિર બાંધવામાં આવેલ છે. તેમજ મનફરામાં તેમને કાયમી કચ્છમાં રહેવા માટે આગ્રહ કરવામાં આવેલ ત્યારે રામદેવજીએ તેમના ભત્રીજાઓને કચ્છમાં સ્થાયી થવા સુચવેલ. આજે રામદેવ પૌત્રા તરીકે તે પેઢી કચ્છમાં પૂજાય છે. રામદેવજીના મંદિરો કચ્છના ગામેગામ આવેલા છે. તેમનાં અનુયાયીઓ પૂર્ણ શ્રદ્ધાભકિતપૂર્વક રામદેવજીની ઉપાસના કરે છે.

રામદેવજીએ આગમવાણીમાં ભગવાન નકલંક અવતાર ધારણ કરશે, કલિયુગનો અંત આવશે, રામદેવજીની આગમવાણી "ચોવીસ પ્રમાણ" "મેહંદીપ્રમાણ" રાજસ્થાન - કચ્છના મેઘવંશ ઇતિહાસમાં પ્રચલિત છે. "મેઘડી પ્રમાણ" તથા "હરજીભાટી'ને સંબોધીને રામદેવજીએ આગમ કહેલ છે.

આગમવાણીના આરાધક પંડિત દેવાયતઃ

પંડિત દેવાયતે ગુજરાતીમાં આગમવાણી કહેલ છે. જો કે તેમના જીવન વિષે જુદી જુદી માન્યતાઓ રહેલી છે. તેમાની એક અમદાવાદ જિલ્લાના મોડસર ગામે આવેલા સંવત ૧૮૬૫ ના પાળિયાને દેવાયત પંડિતના પાળિયા તરીકે પૂજવામાં આવે છે.

દેવાયત પંડિતની આગમવાણી "દેલમીઆરાધ" તરીકે ઓળખાય છે. દેવાયત પંડિતે અંતરચક્ષુથી અનુભવેલું આર્ષદ્રષ્ટિથી મેળવેલું જ્ઞાન લોકોને ચેતવવા માટે આગમવાણી સ્વરૂપે તેમના ધર્મપત્ની દેવલદેને ઉદ્દેશીને કરેલ તે વાણી "દલમીઆરાધ" આગમવાણી આજે સૌરાષ્ટ્ર કચ્છમાં પ્રચલિત છે.

દેવાયત પંડિત દાડા દાખવે, સૂણી લેને દેવલ દે નાર,
આપણા ગુરુએ સત ભાખ્યાં, જૂઠડા નહિ રે લગાર.
લખ્યા રે ભાખ્યા રે સોઇ દિન આવશે, પહેલા પહેલા પવન ફરકશે,
નદીએ નહિ હોય નીર, ઓતર થકી રે સાયબો આવશે, મુખે હનમો વીર....
ધરતી માથે રે હેમર હાલશે, સૂના નગર મોઝાર,
લખમી લૂંટાશે લોકો તણી, નહિ એની રાવ ફરિયાદ

કચ્છના ધર્મગુરુ - મામૈદેવની આગમવાણી :-

કચ્છધરામાં મામૈદેવના જીવનના અનેક પરચાઓ છે તેમને પૂજ્યભાવે પૂજવામાં આવે છે. કચ્છના મહાન સંત માતંગદેવની ૧૩ મી પેઢીએ મામૈદેવ નામે મહાપુરુષ અવતર્યા હતાં. મામૈદેવે કચ્છીભાષા જે વેદની રચના કરી છે તેને "કચ્છ" સૌરાષ્ટ્રમાં ડાડાના વેદ તરીકે પણ જાણવામાં આવે છે. આ અંગે અનેક ગ્રંથોમાં ઉલ્લેખો મળે છે. દોહા પ્રકારની શાખામાં ગવાતી આ વાણી મેઘવાળ સમાજમાં "બારમતી પાટ" સમયે ગવાય છે અને લોકોપદેશ આપવામાં આવે છે. ‘’

E-ISSN No. 2 5 8 2 – 0 4 6 X
International Journal for Research in Applied History
Website : www.anshjournal.com

મામૈદેવ કચ્છના મહેશ્વરી સમાજના પૂજ્ય ધર્મ ધૂરંધર સંત તરીકે પૂજવામાં આવે છે. ધર્મગુરુ છે તેમની આગમવાણી

ઢાળપિનદી, તરારપિનદી, પિનદી કટારી;

જાચક પિનણ છડીંધા, જડે થીંધી (રેજીવારી

તર્કટાઇનો વખત આવશે, યાચક યાચના છોડી દેશે અને ઢાલ, તરવાર તથા કટારીવાળા ભીખ માગશે.

"ઉકેડે તે ડીયા બરંધા, મુંધ ન વસંધા મીં;

સામાં થીંધા સામકે, એડા અઇંધા ડીં."

ઉકરડા ઉપર દિવા બળશે, સમયસર વરસાદ નહિ થાય, નાના મોટાની મર્યાદા નહીં રહે.

દૂધ અને અનાજની અછત થશે. વરસાદ ખેંચાશે. શાસકો જ્યાં ત્યાં આશરો લેશે. તેવા દિવસો આવશે.

આ રીતે મામૈદેવની ગુઢાર્થ ભાષામાં કચ્છીશૈલીની આગમવાણી સમગ્ર કચ્છના મહેશ્વરી સમાજમાં ધર્મગતિયાઓ ઉપદેશક તરીકે રહીને પાટ સમયે સંભળાવે છે. સૌરાષ્ટ્રમાં ડાડાના વેદ તરીકે પ્રચલિત છે.

કચ્છના સંત મેકરણદાદાની આગમવાણી:- (સમય: ૧૬૩૯ થી ૧૭૩૦)

નવ ગજ નેજાં હોઅસે, પુરુષ ગજ પચાસ, દોય પાગડે ચડશે, એરાકી તોખાર,

સાત ગજ ખેડો પોરા, સતર ગજની તલવાર, પુરુષ બખ્તર પેરશે, સો માણરો ભાર.

અવની ઉપર ચાલશે, નારાયણ અવતાર, ધરાઉંજે ધણી હોસે, લીલે ઘોડે અવતાર.

મેકરણ કાપડી આગમ માં નારાયણનો દસમો અવતાર વિષેની વાત કરે છે. લીલા ઘોડે પસાર થઇ ઇરાની ઘોડા પર સવાર થઇ, સતર ગજની તલવાર, સો મણનું બખ્તર પહેરીને આવશે, મોટું લશ્કર હશે અને કાળિંગાને ખુંધાશે, પાપીને સંહારશે. અહીં પુરુષનું મહત્વ સમજાવે છે.

કચ્છના જેસલ પીરની આગમવાણી :

પાપ પોકારી પૂણ્યના માર્ગે વળવાનું તે માર્ગ ચીંધે છે. જેસલની આગમવાણી "પીરનો પુકાર" ના નામે ઓળખાય છે. પીરનો પુકારમાં સૃષ્ટિની ઉત્પત્તિ, સૂર્યના તાપ વિશે, ધરતીકંપ વિશેની માહિતી આપશે. જેસલની આગમવાણી રહસ્યમય ભૂમિકામાં રહેલી છે.

કંકુવરણો રે સૂરજ ઊગશે, તપસે કાંઇ લાખો બાળ રે હાં....

ધરતીનાં રોઇ પડ ધજશે, હોંશે કાંઈ હાંહાંકાર રે હાં....

એજી મળ્યા મને સાસતિઓ સધીર રે હાં....

મુવાં રે તોરલને સજીવન કર્યા, એમ બોલ્યા જેસલ પીર રે....

આ રીતે કચ્છના સંતો, શૂરવીરોએ આગમવાણી દ્વારા જનસમાજને માર્ગદર્શન આપી આવનારા દિવસો. વિશે અગમચેતી આપી છે. આવી જ આગમવાણી સંસ્કૃતગ્રંથોમાં પણ સમાયેલી છે.

**उच्छखला मदोन्मताः पापकर्मरताः सदा**

**कामुका लोलुपाः कूरा निष्ठुरा दुर्मुखाः शठाः**

આ શ્લોકમાં કળીયુગના લોકો પાપકર્મ, ધનલુલુપ્તા, કામુકતા, નિષ્ફરતાનો અભિપ્રાય આપવામાં આવેલ છે.

## સંદર્ભ સૂચિ


1 આપણી લોક સંસ્કૃતિ- જયમલ પરમાર

2 આગમવાણી – ડૉ.નાથાલલા ગોહિલ

3 લોકગુર્જરી માર્ચ 2004

4 હરિજન સંતો અને લોકસાહિત્ય- ડૉ.દલપત શ્રીમાળી

5 બારમતી સંપ્રધય- ડૉ.નાથાલાલ ગોહિલ

6 મેધરત્નો- પ્રો. મુકેશ જોષી

7 મામૈયપુરાણ- કવિકાનજી કોચરા

8 ગુજરાત સમાચારપત્ર 9 જૂન-2011 ધર્મલોક પૂર્તિ

9 ગુજરાત સમાચર અગોચર વિશ્વ દેવેય 15-2-2009 રવિ પૂર્તિ મહેતા

10 ગુજરાત સમાચાર 14 ડિસેમ્બર-2009 રાજકોટ આવૃત્તિ પાનુ-5 લે. ગુળવંત છો શાહ

11 અગોચર તથા લે. દેવેશ મહેતા ગુજરાત સમાચાર 12/6/2011 રવિપૂર્તિ પાનુ.10

12 અગોચરવિશ્વ દેવેશ મહેતા- ગુજરાત સમાચાર 1-7-2012 રવિપૂર્તિ પાનુ.10

13 અગોચરવિશ્વ દેવેશ મહેતા- ગુજરાત સમાચર તા-6/2/2008 અગોચર વિશ્વ

14 માનંગપુરાણ અને મેઘવાળ સમાજની ઉત્પનિ- માલશીલધા માતંગ

15 ગુજરાત દીપોત્સવી અંક સવંત-2056 ‘મેઘડીપ્રમાણ’ લે-ઉમરશી પરમાર

16 લોકગુર્જરી વાર્ષિક અંક- 2009 (4) સંતવાણી ત્રણવાળી લે. ડો. હસુ યાજ્ઞિક

17 સૌરાષ્ટ્રના હરિજન ભકત કવિઓ ડૉ.નાથાલાલ ગોહિલ. પૃ.98